MEN-4593-94 Seat No. ______

# M. A. (Sem. I) Examination

## November / December - 2018

## Gujarati : Paper - CC - 103

## 1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ (Old Course)

## 2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ (New Course)

Time : 3 Hours] [Total Marks : **70**

## 1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ (Old Course)

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

૧ મહત્ત્વનાં લક્ષણો જણાવી ફાગુકાવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરો. ૧૪

**અથવા**

૧ ફાગુકાવ્યના વિકાસમાં જૈન કવિઓના પ્રદાનને મૂલવો. ૧૪

૨ મધ્યકાળના ઉત્તમ ફાગુકાવ્ય તરીકે પ્રચલિત થયેલા 'વસંતવિલાસ'નું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) 'વસંતવિલાસ'માં વસંત વર્ણન

(૨) 'વસંતવિલાસ'ની વસ્તુ સંકલના.

૩ આખ્યાનકાવ્યનાં સ્વરૂપગત લક્ષણોની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૩ આખ્યાનકાવ્યનો ઉદ્ભવ જણાવી મહત્ત્વના આખ્યાનકારોનું પ્રદાન મૂલવો. ૧૪

૪ 'કુંવરબાઈનું મામેરું'-માં પ્રેમાનંદની ઉત્તમ કવિત્વશક્તિ જોવા મળે છે. - આ વિધાનની સમીક્ષા કરો. ૧૪

**અથવા**

૪ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) 'મામેરું'-માં કુંવરબાઈનું પાત્ર

(૨) 'મામેરું'-માં હાસ્યરસ.

૫ કોઈ પણ સાત પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : ૧૪

(૧) ફાગુનાં બે મહત્ત્વનાં લક્ષણો જણાવો.

(૨) ફાગુમાં કઈ ઋતુનું અને કયા રસનું નિરૂપણ થાય છે ?

(૩) 'વસંતવિલાસ'ના આરંભમાં કવિ કોની સ્તુતિ કરે છે ? શા માટે ?

(૪) અન્યોક્તિ એટલે શું ? 'વસંતવિલાસ'માં આવતી કોઈ પણ બે અન્યોક્તિ લખો.

(૫) 'વસંતવિલાસ'ની વિરહિણી નાયિકા કાગડાને ઉદ્દેશીને શું કહે છે ?

(૬) પિયુમિલન માટે સજ્જ સુંદરીનું મુખવર્ણન લખો.

(૭) કડવાના ત્રણ ભાગની સમજૂતી લખો.

(૮) પ્રેમાનંદના ચાર પુરોગામી આખ્યાનકારોનાં નામ લખો.

(૯) પ્રેમાનંદનાં ઉત્તમ ચાર આખ્યાનનાં નામ જણાવો.

(૧૦) 'સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે !' - કુંવરબાઈ આવું કેમ બોલે છે ?

(૧૧) 'મામેરું'નો મુખ્ય રસ કયો છે ? તેમાં અન્ય કયા રસોનું નિરૂપણ થયું છે ?

(૧૨) 'મામેરું'માં કેટલાં કડવાં છે ? આખ્યાન રચાયાની તિથિ લખો.

# 2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ
# (New Course)

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ વ્યાવર્તક લક્ષણો જણાવી રાસ-રાસોનું સ્વરૂપ સ્પષ્ટ કરો. ૧૪

**અથવા**

૧ રાસ-રાસોનો ઉદ્‌ભવ જણાવી મધ્યકાળની મહત્ત્વની રાસકૃતિઓનો પરિચય કરાવો. ૧૪

૨ ''શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વર-બાહુબલિરાસ' મધ્યકાળની ઉત્તમ રાસકૃતિ છે.'' - આ વિધાનની સમીક્ષા કરો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) 'ભરતેશ્વર-બાહુબલિરાસ'-માં રસનિરૂપણ

(૨) 'ભરતેશ્વર-બાહુબલિરાસ'-નો આરંભ.

૩ 'પદ' સ્વરૂપની પ્રમુખ લાક્ષણિકતાઓ જણાવો. ૧૪

**અથવા**

૩ 'પદ' સ્વરૂપના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરનારા પદકવિઓ વિશે નોંધ લખો. ૧૪

૪ 'વાંસલડી'-માં દયારામના કૃષ્ણ પ્રત્યેની ઉત્કટ ભક્તિના સૂર લયાન્વિત થઈને કાવ્યરૂપે મ્હૉરી ઊઠ્યા છે. - આ વિધાનની સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

**અથવા**

૪ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) 'વાંસલડી'-માં દયારામની પદાવલી

(૨) 'વાંસલડી'-માં નિરૂપિત ગોપીની પ્રણય ભાવના.

૫ નીચેનામાંથી કોઈ પણ સાત પ્રશ્નોના ઉત્તર લખો : ૧૪

(૧) રાસનૃત્યના કેટલા પ્રકાર છે ? કયા-કયા ?

(૨) રાસ-રાસોના મંગલાચરણ અને અંત વિશે જણાવો.

(૩) કોઈ પણ ચાર રાસકૃતિ અને તેના કર્તાનાં નામ લખો.

(૪) 'ભરતેશ્વર-બાહુબલિરાસ'-ની ફળશ્રુતિ જણાવો.

(૫) ભરત અને બાહુબલિનાં માતા-પિતાનું નામ લખો.

(૬) 'ભરતેશ્વર....'-માં કયા-કયા રસનું નિરૂપણ થયું છે ? તેનો મુખ્ય રસ લખો.

(૭) પદ સ્વરૂપની વિભાવના ટૂંકમાં જણાવો.

(૮) ધ્રુવપદ કે ટેકની પંક્તિ એટલે શું તે સમજાવો.

(૯) વસ્તુ દૃષ્ટિએ પદના કયા-કયા વિભાગો છે ?

(૧૦) 'વાંસલડી'માં કેટલી કાવ્ય રચના સમાવિષ્ટ છે ? કોઈ પણ બે રચનાનાં શીર્ષક જણાવો.

(૧૧) 'વાંસલડી'-માંથી કોઈ પણ બે પદની ધ્રુવપંક્તિ લખો.

(૧૨) વાંસળીને કેન્દ્રમાં રાખીને લખાયેલી દયારામની બે રચનાઓનાં નામ જણાવો.